# કાંકરેજ તાલુકાના કુંવારવા જીનીંગમાં ભાજપના કાર્યકરોની મીટીંગ યોજાઈ, ૨૦૧૭નું કાઉનડાઉન શરૂ

કાંકરેજ, તા. ૧૨

કાંકરેજ તાલુકાના કુંવારવા ગામે આવેલ જીનીંગમાં ભાજપની મીટીંગ પાટણના ધારાસભ્ય અને પંચાયત સચિવ રણછોડભાઈ દેસાઈની અધ્યક્ષસ્થાને યોજાઈ ત્રણેય સંગઠનોની એક સાથે મીટીંગ લેતા રણછોડભાઈ દેસાઈ સાથે થરા એપીએમસી ચેરમેન અમદાભાઈ પટેલ, કિર્તીસિંહ વાઘેલા, ભારતસિંહ ભટેસરીયા, મફાજી સોલંકી, અશ્વિનભાઈ અનુરોધ કર્યો હતો. જેમાં કાંકરેજ તાલુકામાં પાણીના તળ ઊંડા જવાથી ખેડૂતોને સિંચાઈ માટે પાણી મળે તેની રજુઆત સરકાર સુધી પહોંચાડવા બાંહેધરી આપી હતી. અને ઉત્તર પ્રદેશમાં





હતી. જો કે વિધાનસભા ૨૦૧૭ કાંકરેજના વાલી તરીકે પાર્ટીએ રણછોડભાઈને કાંકરેજ વિધાનસભા મતવિસ્તારમાં ઉતારતા ભાજપના કાર્યકરોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો અને કાંકરેજમાં આ વખતે ભાજપની જીત નિશ્ચિત માનવામાં આવે તો નવાઈ નહિ.

કાંકરેજ તાલુકામાં દિગ્ગજ નેતાની એન્ટ્રીથી કોંગ્રેસમાં ભય. ૨૦૧૭ની ચૂંટણી જીતવા માટેનો માસ્ટર પ્લાન કાંકરેજના ભાજપના શાહ, ઈસુભા વાઘેલા, કિશોર પ્રજાપતિ, સુખદેવસિંહ સોથા સહિત ગોદાવરીબેન, મીનાબેન પટેલ, ભારતીબેન ઠક્કર, ડાયાભાઈ પિલીયાતર, અમરતભાઈ દેસાઈ તથા જી.પં. સદસ્ય રમેશભાઈ પટેલ કુપારવાએ પોતાની જીનીંગમાં ભાજપની મીટીંગમાં સરપંચ જીવાભાઈ પટેલે સ્વાગત કર્યુ હતુ. અને દેસાઈ રણછોડભાઈએ પોતે ભાજપના કાર્યકર્તાઓને ખભે ખભો મિલાવી કામે લાગી જવા ભાજપમાં ભાજપની જંગી બહુમતીથી જીત થતા આતશબાજી કરી પેંડા ખવડાવી મોં મીઠી કર્યુ હતુ. જો કે ભાજપનું ગુજરાત પાક્ષીક દરેક કાર્યકર્તા અને મતદારો સુધી પહોંચે જેથી બહોળો પ્રચાર થાય અને વિકાસ અને સરકારના લાભો દરેક વ્યક્તી સુધી પહોંચે તેવા પ્રયત્નો કરવા તેમજ ૨૦૧૭માં કાંકરેજમાં કમળ ખિલાવવા કાર્યકર્તાઓ લાગી ગયા છે. હવે ૨૦૧૭નું કાઉનડાઉન પ્રથમ મીટીંગથી શુભ શરૂઆત થઈ છે.




# આમ આદમી દંડાય...સરકારી વાહનોને છુટ્ટી...મોડાસા ટ્રાફિક પોલીસની બેધારી નીતિ

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ટ્રાફિકની સમસ્યા વાહનચાલકો અને પ્રજાજનો માટે દુઃખાવા સમાન બની રહી છે. શહેરના મુખ્ય માર્ગો પર મનફાવે તેમ આડેધડ પાર્કિંગ કરી વાહનચાલકો ટ્રાફિક સર્જાતા મોડાસા ટાઉન પોલીસ તંત્ર અને ટ્રાફિક પોલીસ વિભાગ દ્વારા મુખ્યમાર્ગો પર આડેધડ પાર્ક કરેલા ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર વાહન ચાલકો સામે લાલ આંખ કરી ટ્રાફિક નિયમનના ભંગ હેઠળ વાહનોને લોક મારી દંડ વસુલવામાં આવે છે. જેથી ટ્રાફિક નિયંત્રણ રહે પરંતુ મોડાસા પોલીસતંત્ર દ્વારા બેધારી નીતિ દાખવતા હોય તે સરકારી જીપ અને અન્ય સરકારી વાહનચાલકો રોડની વચ્ચોવચ ઉભા રાખી ટ્રાફિકના નિયમોનો સરેઆમ ભંગ કરતા હોવા છતાં ટ્રાફિક પોલીસ સરકારી જીપો કે વાહનો સામે કોઈ જ કાયદાકીય કાર્યવાહી ન કરતા પ્રજાજનોમાં અચરજ ફેલાય છે. ફક્ત આમ આદમી પર જ ટ્રાફિકના નિયમો અને કાયદા લાગુ પડતા હોય અને સરકારી વાહનોને છુટ્ટી મળતા પ્રજાજનોમાં પોલીસની કામગીરી અંગે અનેક સવાલો પેદા કરે છે.

# પ્રાંતિજના દલપુરમાં સગીર વયની યુવતીને ભગાડી જતા પોલીસ ફરીયાદ

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાનાં દલપુર ગામે સગીર વયની યુવતીને લગ્ન કરવાના ઈરાદે લલચાવી ફોસલાવીને ભગાડી જતા યુવતિના પિતા દ્વારા પોલીસ ફરિયાદ થઈ છે. માહિતી મુજબ પ્રાંતિજના દલપુર ખાતે રહેતા કાળાજી દિનેશજી મકવાણા રહે. દલપુર કે જેવો સગીરવયની યુવતિ હોવાનું પોતે જાણતા હોવા છતા તેવો લગ્નની લાલચ આપી ફોસલાવીને યુવતીને ભગાડી લઈ જતા યુવતીના પિતા બાલાજી મોતીજી રાઠોડ રહે. દલપુર દ્વારા પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં યુવતિને ભગાડી લઇ જવાની ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલિસે કાળાજી દિનેશજી મકવાણા વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રાંતિજના મોયદમાં પૈસાની લેવડ-દેવડને લઈને પિતા-પુત્રને ચપ્પાના ઘા ઝીકતા બે વિરૂદ્ધ પોલીસ ફરીયાદ

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના મોયદ રૂપાજી ખાતે રામજી મંદિર નજીક પૈસાની લેવડ-દેવડને લઈને કિર્તિસિંહ અગરસિંહ રાઠોડ તથા કનકસિંહ અગરસિંહ રાઠોડ દ્વારા ફરીયાદીના પતિ સોમસિંહ તથા તેમના પુત્ર સાથે ઝગડો કરી બોલાચાલી કરી ગાળો બોલી પિતા- પુત્રને ચપ્પાના ઘા કરી શરીરે ઈજાઓ પહોંચાડતા પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં કુસુમબેન સોમસિંહ ફતેસિંહ રાઠોડ રહે. મોયદ રૂપાજી દ્વારા પોલીસ ફરીયાદ કરતાં પોલીસે કિર્તિસિંહ અગરસિંહ રાઠોડ તથા કનકસિંહ અગરસિંહ રાઠોડ વિરૂદ્ધ ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# નવા ચિબોડા પ્રાથમિક શાળાનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ભિલોડા તાલુકાની નવા ચિબોડા પ્રાથમીક શાળાનો ચાર દિવસીય સૌરાષ્ટ્ર દર્શનનો શૈક્ષણીક પ્રવાસ યોજાયો હતો.નવા રણુંજા, જામનગર, દ્વારકા, બેટ દ્વારકા, નાગેશ્વર, હરસિધ્ધ માતાજી મંદીર, પોરબંદર, વેળાવર, સોમનાથ, જુનાગઢ, વીરપુર, ચોટીલા સહિત વિવિધ ધાર્મિક સ્થળો, શૈક્ષણિક પ્રવાસ દરમ્યાન વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી ત્યારે વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# પાલનપુર પંથકમાં અકસ્માતોની વણઝાર : ૩ના મોત, ૯ ઘાયલ

સરહદી બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકા માટે આજની હોળી ગોઝારી સાબિત થઈ હતી. પાલનપુર તાલુકામા આજે ત્રણ



અકસ્માતના બનાવોમા ત્રણ લોકોના મોત થયા હતા. અને નવ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

અકસ્માત ની વિગતો જોઈએ તો, પાલનપુર તાલુકાના વાસડા નજીક રીક્ષા અને કાર વચ્ચે ના ગમખ્વાર અકસ્માતમા બે લોકો મોતને ભેટ્યા હતા. જેમાં એક વ્યક્તિનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જયારે ગંભીર ઈજાગ્રસ્ત શારદાબેન મેવાભાઈ દેવીપૂજક (ઉ.૩૧ રહે. વાધણા)નું પાલનપુર સિવિલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. જ્યારે અન્ય ત્રણ ઈજાગ્રસ્ત સારવાર હેઠળ હોવાના અહેવાલ સાંપડ્યા છે. જ્યારે પાલનપુર તાલુકાના ચડોતર નજીક બાઈક ચાલક ડિવાઈડર સાથે ટકરાઈ જતા તેનું કમકમાટી ભર્યું મોત થયુ હતું.

આ બનાવમા અમદાવાદના રહીશ એવા સાળા- બનેવી અમદાવાદ થી બાઈક લઈ સુંધામાતા જઈ રહ્યા હતા. ત્યારે ચડોતર નજીક બાઈક ડિવાઈડર પર ચડી જતા બાઈક ચાલક સાગર ઠાકોર નું ઘટના સ્થળે મોત થયું હતું. જ્યારે અન્ય એક ત્રીજા અકસ્માતના બનાવમા પાલનપુર તાલુકાના શેરપુરા પાટિયા પાસે રીક્ષા પલ્ટી જતા રીક્ષામા સવાર પાંચ લોકો ઈજગ્રસ્ત થયા હતા. જેમને સારવાર અર્થે પાલનપુર સિવિલ માં ખસેડાયા હતા. આમ, પાલનપુર તાલુકા મા અકસ્માત ના ત્રણ બનાવો મા ત્રણ ના મોત અને નવ લોકો ઈજાગ્રસ્ત થતા પાલનપુર તાલુકા મા હોળી ગોઝારી સાબિત થઈ હતી.

# મોડાસાના લક્ષ્મી મોબાઈલ બજારમાં એસઓજીની રેડ, બીલ વગરના ૬૦ મોબાઈલ જપ્ત

અરવલ્લી જિલ્લાના મોડાસામાં આવતા વગર બિલના મોબાઈલ વેચવા માટે કુખ્યાત લક્ષ્મી મોબાઈલ બજારમાં અરવલ્લી એસઓજીએ રેડ પાડી ૭ જેટલા વેપારીની અટક કરી હતી પછી મોડી સાંજ સુધી ચોક્કસ કાર્યવાહી ન કરવામાં આવતા અનેક તર્ક વિતર્ક ફેલાયા છે.

અરવલ્લી એસઓજીની ટીમ મોડાસા બસ સ્ટેન્ડ વિસ્તારમાં



આવેલા ચોરીના તથા બીલ વગરના મોબાઈલ વેચવા માટે રાજ્યમાં કુખ્યાત લક્ષ્મી મોબાઈલ બજારમાં ત્રાટકી હતી અને ૭ જેટલા વેપારીઓની અટકાયત કરી ૬૦થી વધુ મોબાઈલ જપ્ત કરીને એસઓજી ઓફિસમાં લાવી હતી. જ્યાં કાર્યવાહી ચાલુ છે તેવુ રટણ હાથ ધરી મિડીયાને સાંજે ૬ વાગ્યા સુધી કોઈ જ માહિતી કે એફઆઈઆર ન આપવામાં આવતા સમગ્ર કાર્યવાહી સામે શંકા ઉપસ્થિત થઈ છે. જો રેડ બપોરે કરવામાં આવી હોય તો વેપારીના નામ જાહેર કરવામાં શું વાધો હોઈ શકે ? એફઆઈઆરમાં વિલંબ કેમ થાય છે ? વગેરે ચર્ચાઓ સમગ્ર મોડાસામાં થતી જોવા મળી હતી.

# ભિલોડામાં હોળીના પર્વની ઉજવણી

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં હોળી-ધુળેટીના તહેવારની ધામધુમ પુર્વક ઉજવણી યોજાશે. ગોળ, ધાણી અને ખજુરની વહેંચણી બાદ રંગ પર્વ ધુળેટીની રમઝટ જામશે. અગાઉથી જ પ્રજાજનોએ એક બીજાને રંગોથી રંગવા માટે રંગોની ખરીદી કરી લેતાં તમામ વિસ્તારોમાં ધુળેટીનો રંગ ગુટાતો જોવા મળશે. હોળી-ધુળેટીના તહેવાર નિમિત્તે પ્રજાજનોને આનંદ,ઉત્સાહ જોવા મળી રહ્યો છે. હોળીના દિવસે સામાજીક અને ધાર્મિક રીતીરીવાજો મુજબ હોળીના દિવસે જન્મેલ બાળકને ઢુંઢાળવાની ધાર્મિક વિધિના કાર્યક્રમો ઠેર-ઠેર યોજાશે. બાળકને બાજોટ પર તેની ફોઈ ખોળામાં બેસાડી નાના-નાના પાંચ બાળકો હાથમાં નાનકડી લાકડાની બનાવેલ તલવાર જમણા હાથે નાડાછડી, લલાટમાં કુંમકુંમ તીલક કરી માથે લાલ-કેસરી રંગનો ફેટો પહેરી હાથમાં તાંબાના કળશમાં પાણી લઈ બાજોટ પર બેસાડી



બાળકની પ્રદક્ષીણા કરતા જાય અને આંબાનો મોર બાળકને મોર પીવડાવવામાં આવે છે. આંબાનો મોર પીવડાવવાની રીત-રસમ અપનાવવામાં આવે છે. કળશમાં વધેલું પાણી બાળકની માતા ઉપર રેડી ગોળ, ધાણી, ખજુર વહેંચી ધુળેટીની રમઝટ શરૂ થાય છે. નવી નવતરે બાળકની પહેલી હોળી ઉપર ઢુંઢ કરવાની વર્ષો જુની પરંપરા આજે પણ અંકબધ્ધ છે.રંગબેરંગી રંગોનું પર્વ હોળી-ધુળેટી તહેવાર નિમિત્તે અત્ર-તત્ર-સર્વત્ર પ્રજાજનો રંગાઈ જવાના મુડમાં હોય છે. ૨૧મી સદીના હાઈટેક યુગમાં હોળી-ધુળેટી પર્વનું મહત્વ આજે પણ ગ્રામ્યવિસ્તારમાં અંકબધ્ધ જોવા મળે છે.

# નવી મેત્રાલની શિક્ષણ સંસ્થામાં ભારે ધૂમધામથી આર્ડેકતા ઉત્સવ ઉજવાયો

ખેડબ્રહ્મા, તા. ૧૨

ખેડબ્રહ્માની આર્ડેકતા ઈન્સ્ટીટ્યુટમાં એન્જિનીયરીંગ (ડિગ્રી અને ડિપ્લોમાં) બીએસસી, બીસીએ, બીએડ ડીએલએડ તેમજ નર્સિંગના વિદ્યાર્થી ભાઈ-બહેનોનો વાર્ષિકોત્સવ યોજાયો હતો. જેમાં બ્રહ્માકુમારી જ્યોતિબેન દ્વારા નર્સિંગ વિભાગના પ્રથમ વર્ષના એએનએમ, જીએનએમ અને બીએસસી (એન)ના ૧૧૦ વિદ્યાર્થીઓનો શપથગ્રહણ ઓથસેરેમની કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ સંસ્થાના સ્ટેટ અને નેશનલ લેવલે ઝળકેલા વિદ્યાર્થીઓને તેમજ દરેક સેમેસ્ટરમાં પ્રથમ નંબર મેળવનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોને ગુજરાત આદિજાતિ નિગમના ચેરમેન શ્રીમતી રમિલાબેન બારા, પ્રોજેક્ટ એડમિનિસ્ટેટર બી.જે. સોની તેમજ અન્ય મહેમાનો દ્વારા ઈનામ વિતરણ કરાયા હતા.

એસ.ટી. અને એસ.સી. વિદ્યાર્થી ભાઈ-બહેનોને પોતાના ઘરેથી કોઈપણ રકમ પણ ફી પેટે ભરવાની થતી ન હોઈ છેક સેલવાસ, મહારાષ્ટ્ર, રાજસ્થાનથી માંડી ગુજરાતના વલસાડ, તાપી, સુરત, ભરૂચ, ડાંગ, છોટા ઉદેપુર, ગોધરા, દાહોદ, પંચમહાલ, વિગેરે જિલ્લાઓમાંથી સંસ્થામાં કુલ ૩૨૦૦ છાત્રો પૈકી ૧૭૫૦ જેટલા એસટી વિદ્યાર્થી ભાઈ-બહેનો અભ્યાસ કરતા હોઈ ઉચ્ચ શિક્ષણ આપતી અનુ. જનજાતિ માટેની ગુજરાતની સૌથી મોટી સંસ્થા બનેલ છે. જેમાં ૧૪૫૦થી વધુ વિદ્યાર્થીઓ હોસ્ટલ નિવાસ કરતાં હોઈ કોલેજમાં ૮૦ ટકા જેટલી હાજરીને લઈ ઉત્તર પરિણામો પ્રાપ્ત કરેલ છે. જેથી જીટીયુ પરીક્ષામાં ૧૯૦૦ થી વધુ છાત્રો ૭.૦ એપીઆઈથી વધુ ગુણ મેળવેલ છે.

સંસ્થા દ્વારા બેટી બચાવો, બેટી પઢાવો તેમજ હોશિયાર વિદ્યાર્થી સ્કોલરશીપ હેઠળ જીટીયુમાં ૮.૦ થી વધુ એપીઆઈ ગુણ સાથે પાસ થયેલ વિદ્યાર્થીઓ ભાઈ-બહેનોને ૭૭.૦૩ લાખની માતબર શિષ્યવૃત્તિ અર્પણ કરાઈ હતી. કાર્યક્રમમાં નાટક, સમૂહ નૃત્યો, ફેશન શો, સ્વાસ્થ્ય સુધારણા અને સ્વચ્છતા અવેરનેસ નાટકીઓ, ગરબા, માઈમ જેવી અનેકવિધ સ્પર્ધાઓ દ્વારા વિદ્યાર્થીઓએ પોતાના અદભૂત કૌશલ્યો રજૂ કર્યા હતા.



સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના મોટા કોટડા સાર્વજનિક ટ્રસ્ટ સંચાલિત ડી. કે. વ્યાસ હાઈસ્કુલ, માતૃશ્રી દિવાળીબા રે. ઘ. પ્રજાપતી ઉ.મા. વિભાગ પટ્ટાંગણમાં વિવિધ કાર્યક્રમો તા.૧૧/૩/૨૦૧૭ ને શનીવારના રોજ યોજાયા હતા. નિવૃત્ત કર્મચારી ફલજીભાઈ પટેલ જુનિયર ક્લાર્કનો વિદાય સમારંભ, આર.ઓ. પ્લાન્ટનું ઉદ્ઘાટન, શુભેચ્છા, વિદાય, ઈનામ વિતરણ, વાલી સંમેલન સહિત વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

# ધાનેરામાં તપાસના નામે તોડ કરતી રાજસ્થાન પોલીસ : સત્ય હોય તો શરમજનક

## પથી વધુ સોની વેપારીઓ પાસેથી લખો રૂપિયાનો તોડ કર્યો

રાજેસ્થાનની ભિન્નમાલ પોલીસે થોડા સમય અગાઉ ચોરીના



પાંચ જેટલા આરોપીને રાજેસ્થાનની થી ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં પંચે આરોપીઓ ધાનેરા આજુ બાજુના હતા તમામ ની તપાસનો રેલો ધાનેરા સુધી પહોંચ્યો હતો.

ધાનેરાના એક સોની વેપારી પોતાનું નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે છેલ્લા કેટર્લાક સમય થી રાજેસ્થાન પોલીસ ધાનેરા આવે છે અને રાજેસ્થાન માં થયેલી ચોરી ની તાપસ ના નામે સોનીઓ ની દુકાને જઈ તાપસ નું નાટક ભજવે છે અને સોનારોને ધમકાવી ખોટા કેશ માં ફસાવી દેવાની ધમકી આપે છે અને સોનારો પાસેથી પૈસા પડાવી પોતાના ખિસ્સા ગરમ કરી ચાલતી પકડે છે અત્યારે તો ધાનેરા માં આ બાબતે ચકચાર મચાવી દીધી છે પરંતુ બનાસકાંઠા જિલ્લા ના પોલીસ વાળા આ બાબતે તટસ્થ તાપસ કરાવે અને વેપારીઓ ને હેરાન કરતી પોલીસ સામે કાયદેસર ની કાર્યવાહી કરે તેવી લોક માંગ ઉઠવા પામી છે.







# મોડાસા માર્કેટયાર્ડમાં ઘઉંના ઓછા ભાવ મામલે હરાજી બંધ કરાવી ખેડૂતો વિફર્યા

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસાના માર્કેટયાર્ડમાં શુક્રવારે મોટી સંખ્યામાં ખેડૂતો ઘઉં વેચવા ખાનગી વાહનો મારફતે પહોંચ્યા હતા. માર્કેટયાર્ડમાં વેપારીઓએ ઘઉંની હરાજીમાં ભાવ ઓછા પડતા ખેડૂતોએ હોબાળો મચાવી ઘઉં પકવવાના પડતર ખર્ચ જેટલા પણ ભાવ ન મળતા હરાજી અટકાવી દઈ મોટી સંખ્યામાં ખેડૂતો એપીએમસીની ઓફીસે ધસી જઈ સત્તાધીશો અને જવાબદાર અધિકારીઓ સામે ઘઉંના પોષણક્ષમ ભાવ મેળવવા ઉગ્ર રજૂઆત કરી હતી. ખેડૂતોએ પોષણક્ષમ ભાવ ન મળે ત્યાં સુધી હરાજી અટકાવવાનો નિર્ણય કર્યો હતો. એપીએમસી દ્વારા ખેડૂતોને સારો ભાવ મળે તે માટે પૂરતા પ્રયત્નો હાથ ધરશે તેવી હૈયા ધારણા આપી હતી. ભાજપ સરકારમાં ખેડૂતોના હિત માટે કામ કરતી સંસ્થાઓએ ખેડૂતોને થતા અન્યાય મુદ્દે ચૂપકીદી સાધી લેતા ખેડૂતોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે.